ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા:૧૦/૦૬/૨૦૨૪

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા અઠવાગેટ સ્થિત વનિતા વિશ્રામ આર્ટ ગેલેરી ખાતે 'આર્ટ પ્રિવ્યુ' રાખવામાં આવ્યો

## સુરતના કલા રસિકે ઘોડાની આબેહૂબ પેઈન્ટિંગની ખરીદી કરી

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મુંબઇ ખાતે યોજાનાર SGCCI આર્ટ એકઝીબીશનના બે દિવસ પહેલા તા. ૯ જૂન ૨૦૨૪ના રોજ સુરતમાં અઠવાગેટ સ્થિત વનિતા વિશ્રામ આર્ટ ગેલેરી ખાતે 'આર્ટ પ્રિવ્યુ' રાખવામાં આવ્યો હતો. જેમાં સુરતના કલા રસિકોએ મોટી સંખ્યામાં ભાગ લઈને એક પેઈન્ટિંગની ખરીદી પણ કરી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી રમેશ વઘાસિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, 'SGCCI આર્ટ એકઝીબીશનમાં સુરત ઉપરાંત અમદાવાદ, વડોદરા, દમણ અને મુંબઇના કુલ ૪૩ કલાકારો ભાગ લેશે. આ કલાકારો દ્વારા બનાવવામાં આવેલી ઓઇલ પેઇન્ટીંગ, એકેલીક પેઇન્ટીંગ, સ્કલ્પચર્સ, ફોટોગ્રાફી અને પેન્સીલ ડ્રોઇંગ વિગેરે જુદી–જુદી કેટેગરીના આર્ટનું આ એકઝીબીશનમાં પ્રદર્શન કરવામાં આવ્યું છે.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા. ૧૧થી ૧૭ જૂન, ૨૦૨૪ના રોજ સવારે ૧૧:૦૦થી સાંજે ૭:૦૦ વાગ્યા દરમ્યાન નહેરુ સેન્ટર આર્ટ ગેલેરી – ડિસ્કવરી ઓફ ઇન્ડિયા બિલ્ડિંગ, ડો. એનીબેસન્ટ રોડ, વરલી, મુંબઇ ખાતે SGCCI આર્ટ એકઝીબીશનનું આયોજન કરવામાં આવ્યું છે. જેની દેશભરમાંથી કલા રસિકો મુલાકાત લેશે અને કલાકારોને તેમની કલા અને મહેનતનું યોગ્ય વળતર મળશે તેવી તેમણે આશા વ્યક્ત કરી હતી.'

સુરતના કલા રસિકે ઘોડાની આબેહૂબ પેઈન્ટિંગની ખરીદી કરી હતી. જેને ૩૦-૪૦ દિવસના અથાગ પરિશ્રમથી ઓઈલ કલર્સના મદદથી બનાવવામાં આવી હતી.

આર્ટ પ્રિવ્યુનું ઉદઘાટન ધ ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ આર્કિટેક્ટ SRCના ચેરમેન શ્રી વિજય ચૌહાણના હસ્તે કરવામાં આવ્યું હતું. આર્ટ પ્રિવ્યુમાં ફાઈન આર્ટ નેચર એન્ડ ટ્રાવેલ ફોટોગ્રાફર શ્રી સૌરભ દેસાઈ મુખ્ય અતિથી તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ તેમજ પ્રેસિડન્ટ ઈલેક્ટ શ્રી વિજય મેવાવાલાએ આભાર વિધી કરી હતી. ચેમ્બરના માનદ્ મંત્રી તેમજ વાઈસ પ્રેસિડન્ટ ઈલેક્ટ શ્રી નિખિલ મદ્રાસીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.